# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે ‘નારી શક્તિ વંદન અધિનિયમ’ વિષયક કાર્યક્રમ યોજાયો

નવગુજરાત સમય > અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા તા. 13મીને સોમવારે ગૌતમ હૉલ ખાતે યુનિવર્સિટીના કુલગુરુ પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ “નારી શક્તિ વંદન અધિનિયમ” વિષયક વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ શાસનવ્યવસ્થામાં મહિલાઓની ભાગીદારી અને તેમના પ્રતિનિધિત્વને પ્રોત્સાહન આપવાનો હતો, જે “વિકસિત ભારત 2047”ના વિઝન સાથે પૂર્ણપણે સુસંગત છે. કાર્યક્રમનો આરંભ દીપપ્રાગટ્યથી કરાયો હતો. કુલગુરુએ મંચસ્થ મહાનુભાવોને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને સન્માનિત કર્યા હતા. સ્ટુડન્ટ ડેવલપમેન્ટ વિભાગના નિયામક ડૉ. નિશા જોષી દ્વારા સૌ અતિથિઓનું સ્વાગત કરાયું હતું. કુલપતિ પ્રોફેસર અમી ઉપાધ્યાયે અધ્યક્ષીય ઉદબોધનમાં યુનિવર્સિટીની પ્રગતિમાં મહિલા કર્મચારીઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકાને બિરદાવી હતી. તેમણે કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓને ભવિષ્યની નેતૃત્વશીલ ભૂમિકાઓ માટે સજ્જ થવા પ્રેરણા પૂરી પાડી હતી. આ અર્થપૂર્ણ ઉપક્રમમાં મહિલા ગ્રામસેવા વિદ્યાપીઠ, નારદીપુરનાં પ્રભારી આચાર્યા મંજુલાબેન પડવી તથા નિવૃત્ત પ્રો. ડૉ. રાજેશભાઈ પટેલ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપક્રમમાં યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી અને રાષ્ટ્રીય કક્ષાએ યોજાતી વિદ્યાર્થી સંસદમાં ભાગ લઈ વિજેતા થયેલી ત્રણ પ્રતિભાશાળી વિદ્યાર્થિનીઓને વક્તા તરીકે આમંત્રિત કરાઈ હતી. આ સત્રમાં રાજવી કડિયા, દૃષ્ટિ કામળિયા અને ખેવાની જોષીએ પોતાના પ્રેરક વિચારો રજૂ કર્યા હતા. નોંધનીય છે કે, તેઓએ AIU દ્વારા આયોજિત 4th National Women Student Parliamentમાં યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કર્યું હતું. નવગુજરાત સમય

